# 5 ગરીબી

## પરિચય

**ગરીબીનો અર્થ :** જ્યારે સમાજનો એક મોટો વર્ગ પોતાની પાયાની લઘુતમ જરૂરિયાતોને સંતોષી શકતો નથી તે પરિસ્થિતિને ગરીબી કહેવાય.

**ગરીબીનું સ્વરૂપ :** ગરીબીના ખ્યાલને વધુ સારી રીતે સમજવા અર્થશાસ્ત્રીઓ ગરીબીને તેના સ્વરૂપના આધારે બે વિભાગમાં વિભાજિત કરે છે. : (1) નિરપેક્ષ ગરીબી (2) સાપેક્ષ ગરીબી.

**(1) નિરપેક્ષ ગરીબી :** ગરીબી રેખાથી ઓછી આવક કે ખર્ચ ધરાવતો વર્ગ નિરપેક્ષ ગરીબ કહેવાય.

**ગરીબીરેખા :** જીવનની લઘુતમ જરૂરિયાતો સંતોષવા માટે જરૂરી ચીજવસ્તુઓ અને સેવાઓ ખરીદવા માટે નક્કી કરવામાં આવેલ આવક કે ખર્ચની લઘુતમ સપાટી એટલે ગરીબીરેખા.

**(2) સાપેક્ષ ગરીબી :** સમાજનો ઓછી આવક મેળવતો વર્ગ, વધુ આવક મેળવતા વર્ગની તુલના એ સાપેક્ષ ગરીબ કહેવાય.

**ગરીબીના નિર્દેશકો**

(1) માથાદીઠ ઘરગથ્થુ વપરાશી-ખર્ચ
(2) કુપોષણનું પ્રમાણ
(3) અપેક્ષિત આયુષ્ય અને બાળમૃત્યુદર
(4) તબીબી સગવડો
(5) પીવાનું પાણી
(6) શૌચાલયની સુવિધા
(7) રહેઠાણ
(8) વીજળી-વપરાશ
(9) શિક્ષણ
(10) આવક અને સંપત્તિની અસમાન વહેંચણી
(11) બેરોજગારીનો ઊંચો દર

**ગરીબીનાં કારણો**

**ઐતિહાસિક કારણો :**

**ગ્રામીણ ગરીબીનાં કારણો**

(1) કુદરતી પરિબળો
(2) વસ્તીવિષયક પરિબળો

**આર્થિક કારણો**

(1) શ્રમિક દીઠ નીચી ખેત-ઉત્પાદકતા
(2) જમીન અને સંપત્તિની અસમાન વહેંચણી
(3) નાના અને ગૃહ ઉદ્યોગોનો અલ્પ વિકાસ
(4) ઝડપથી વધતા ભાવો
(5) બેરોજગારીનું ઊંચું પ્રમાણ

**સામાજિક કારણો**

(1) શિક્ષણનું નીચું સ્તર
(2) લૈંગિક અસમાનતા

**અન્ય કારણો**

(1) યુદ્ધ

(2) સંરક્ષણ-ખર્ચમાં વધારો

(3) ખામીયુક્ત નીતિઓ

**ગરીબી ઘટાડવાના ઉપાયો**

(1) ખેતીક્ષેત્રે શ્રમિકોની ઉત્પાદકતા વધારવી

(2) નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ

(3) અસંગઠિત ક્ષેત્રનો વિકાસ

(4) યોગ્ય કરનીતિનો ઉપયોગ

(5) માનવ મૂડીરોકાણમાં વધારો

(6) વ્યાજબી કિંમતે વસ્તુઓ અને સેવાઓ

(7) રોજગારલક્ષી કાર્યક્રમો

- સ્વરોજગારી માટેના કાર્યક્રમો
- પ્રધાનમંત્રી રોજગાર યોજના
- વેતન રોજગારી કાર્યક્રમો
- રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાનૂન (NREGA)

(8) આવાસ યોજનાઓ

(9) સામાજિક સલામતીની યોજનાઓ

(10) જનધન યોજના

## વિભાગ A

**નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

**1.** કોના અહેવાલ મુજબ આર્થિક વિકાસ તે સાધન છે અને માનવ વિકાસ તે ધ્યેય છે ? ☐

(a) તેંડુલકર સમિતિ
(b) માનવવિકાસ
(c) ભગવતી સમિતિ
(d) આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ

**2.** ભારતમાં કઇ પંચવર્ષિય યોજનાથી ગરીબી નાબૂદી માટેની વ્યૂહરચના હેઠળ ખાસ કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યાં ? ☐

(a) બીજી
(b) ચોથી
(c) ત્રીજી
(d) પાંચમી

**3.** ઇ.સ.2014-16 માં ભારતમાં કુપોષિત વ્યક્તિઓનું પ્રમાણ કેટલા ટકા હતું ? ☐

(a) 23.7 %
(b) 30.0 %
(c) 20.5 %
(d) 15.2 %

**4.** ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચે શહેરી ક્ષેત્રે વ્યક્તિની ખોરાકમાં ન્યૂનત્તમ દૈનિક કેટલી કેલેરી નક્કી કરી છે ? ☐

(a) 2100
(b) 2300
(c) 2200
(d) 2400

**5.** તેંડુલકર સમિતિની ભલામણો મુજબ વર્ષ 2011-12 માટે ગ્રામીણક્ષેત્રોની ગરીબીરેખા નક્કી કરવા માસિક માથાદીઠ વપરાશી ખર્ચ કેટલા રૂપિયા નક્કી કર્યો છે ?

(a) 1000 (b) 500

(c) 816 (d) 1500

**6.** વર્ષ 2013માં ભારતમાં સૌથી વધુ ગરીબી કયા રાજ્યમાં જોવા મળી હતી ?

(a) છત્તીસગઢ (b) અસમ

(c) રાજસ્થાન (d) મધ્યપ્રદેશ

**7.** ઈ.સ. 2014માં ભારતમાં અપેક્ષિત આયુષ્ય કેટલાં વર્ષ હતું ?

(a) 75 (b) 55

(c) 85 (d) 68

**8.** ઈ.સ. 2014માં ભારતમાં બાળમૃત્યુદર કેટલો હતો ?

(a) 06 (b) 39

(c) 15 (d) 09

**9.** કોને માપવા માટે લોરેન્જ વક્રનો ઉપયોગ થાય છે ?

(a) નિરપેક્ષ ગરીબી (b) બેરોજગારીનો દર

(c) સાપેક્ષ ગરીબી (d) ફુગાવાનો દર

**10.** ગરીબીરેખા નક્કી કરવા માટે કેલરીના વપરાશ માટે જરૂરી ખર્ચ ઉપરાંત શિક્ષણ અને સ્વાસ્થ્ય માટેના ખર્ચનો સમાવેશ કોણે કર્યો ?

(a) લાકડાવાળા સમિતિ (b) દાંડેકર-રથ સમિતિ

(c) ભગવતી સમિતિ (d) તેંડુલકર સમિતિ

**11.** નીચેનામાંથી કયો નિર્દેશક ગરીબીનો નિર્દેશક નથી ?

(a) રહેઠાણ (b) પીવાનું પાણી

(c) ઔદ્યોગીક રોજગારીનો ઊંચો દર (d) વીજળીનો વપરાશ

**12.** શિક્ષિત બેરોજગારોને મદદ કરવાના હેતુથી કઈ યોજના શરૂ કરવામાં આવી ?

(a) PMRY (b) DWCRA

(c) SITRA (d) IRDP

**13.** કયા ક્ષેત્રના કામદારો માટે 'અટલ પેન્શન યોજના' અમલમાં આવી છે ?

(a) સંગઠિત (b) અસંગઠિત

(c) કૃષિ (d) ઉદ્યોગ

**14.** 'પ્રધાનમંત્રી જનધન' યોજના કયા વર્ષમાં શરૂ કરવામાં આવી છે ?

(a) 2000 (b) 2008

(c) 2018 (d) 2014

**15.** 'પ્રધાનમંત્રી આવાસ' યોજના કયા વર્ષમાં શરૂ કરવામાં આવી છે ?

(a) 2019 (b) 2005

(c) 2015 (d) 2001

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપોઃ**

**1.** ગરીબીનો અર્થ સમય, સ્થળ અને સમાજ બદલાતા શાથી બદલાતો રહે છે ?

**2.** ગરીબીના અર્થઘટનને કયા બે વિભાગમાં વહેંચી શકાય ?

**3.** ગરીબીને તેના સ્વરૂપને આધારે કયા બે વિભાગમાં વહેંચી શકાય ?

**4.** આંતરરાષ્ટ્રીય સ્તરે ગરીબીરેખાનું નિર્ધારણ કરવા માટે વર્ષ 2015 નું દૈનિક આવકનું ધોરણ કયું છે ?

**5.** ગરીબીના નિર્દેશકો એટલે શું ?

**6.** નિરપેક્ષ ગરીબી કોને કહેવાય ?

7. નિરપેક્ષ ગરીબી બીજા કયા નામે ઓળખાય છે ?

8. ખેતીક્ષેત્રે ખેડૂતોને પાક નિષ્ફળતાના જોખમથી રક્ષણ આપવા કઈ યોજના શરૂ કરવામાં આવી છે ?

9. સાપેક્ષ ગરીબીને માપવા માટે કઈ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે ?

10. ગીની (ગુણાંક) શું છે ?

11. સાપેક્ષ ગરીબીનો ખ્યાલ મેળવવા માટે કઈ બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે ?

12. શહેરી ગરીબો માટે આવાસની સુવિધા ઊભી કરવા માટે કઈ યોજના શરૂ કરવામાં આવી છે ?

13. વિશ્વબૅન્કના મત પ્રમાણે સાક્ષર કોને કહેવાય ?

14. પારિભાષિક શબ્દ સમજાવો : કુપોષણ

15. આવક અને સંપત્તિની વહેંચણીની અસમાનતા દર્શાવતા આલેખનું નામ જણાવો.

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપોઃ**

1. નિરપેક્ષ ગરીબીને માપવા માટેનું આંતરરાષ્ટ્રીય ધોરણ સમજાવો.

**2.** F.A.O. નું પૂરું નામ આપી તેનું કાર્ય જણાવો.

**3.** સાપેક્ષ ગરીબી એટલે શું ? ઉદાહરણ આપી સમજાવો.

**4.** ઝડપથી વધતા જતા ભાવો ગરીબીમાં કઈ રીતે વધારો કરે છે ?

**5.** 'શિક્ષણનું નીચું સ્તર ગ્રામીણ ગરીબી માટે જવાબદાર છે'. સમજાવો.

**6.** સરકારના સંરક્ષણ-ખર્ચમાં વધારો થવાને લીધે ગરીબીનું પ્રમાણ શાથી ઊંચું રહે છે ?

**7.** સરકારની ખામીયુક્ત નીતિઓ ગરીબી માટે કઈ રીતે જવાબદાર છે ?

**8.** સ્વર્ણજંયતી ગ્રામ સ્વરોજગાર યોજનામાં કઈ-કઈ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

9. 'પ્રધાનમંત્રી સુરક્ષા' યોજના - સમજાવો.

10. 'પ્રધાનમંત્રી જન-ધન' યોજનાનો હેતુ જણાવો.

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો:**

1. સાપેક્ષ ગરીબી અને નિરપેક્ષ ગરીબી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

2. ભારતમાં ગરીબી માટેનાં ઐતિહાસિક કારણો સમજાવો.

3. ભારતમાં ગ્રામીણ ગરીબી માટે કયાં કારણો જવાબદાર છે ? સમજાવો.

4. ભારતમાં ગરીબી માટેનાં સામાજિક કારણો સમજાવો.

5. ટૂંક નોંધ લખો : પ્રધાનમંત્રી જનધન યોજના

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપોઃ**

**1.** ગરીબીરેખાની વિગતે સમજૂતી આપો.

2. ગરીબીના કોઈ પણ પાંચ નિર્દેશકો ચર્ચો.

**3.** ગરીબીનાં આર્થિક કારણો ચર્ચો.

**4.** ગરીબી ઘટાડવાના ગમે તે પાંચ ઉપાયો ચર્ચો.

5. ગરીબી ઘટાડવા માટે સરકારે અમલમાં મૂકેલા રોજગારલક્ષી કાર્યક્રમોની સમજૂતી આપો.